

# મેઘરજના કુંભેરા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાનો કોંગ્રેસનો કાળા વાવટા સાથે વિરોધ

મેઘરજ તાલુકાના કુંભેરા ખાતે ગત શુક્રવારના રોજ મોડાસા પ્રાંત કક્ષાનો ચોથો ગરીબ કલ્યાણ મેળો રાજ્ય કક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યાજોયો હતો. જેમાં કોંગ્રેસના ૫૦ જેટલા કાર્યકર્તાઓએ ટ્રેક્ટરમાં આવી કાળા વાવટા સાથે ગરીબ કલ્યાણ મેળાનો ઉગ્ર વિરોધ કર્યો હતો. ભાજપ દ્વારા યોજવામાં આવેલ ગરીબ કલ્યાણ મેળામાં રાજ્ય કક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરીએ કાર્યક્રમમાં પ્રસ્થાન કર્યુ તે અરસામાં કોંગ્રેસના મેઘરજ ભીલોડા ધારાસભ્ય અનિલ જોષીયારા, મોડાસા ધારાસભ્ય રાજુભાઈ ઠાકોર, અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજુભાઈ ભારઘી, અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પાર્ટી પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર તેમજ જિલ્લા સદસ્યો, તાલુકા સદસ્યો અને કાર્યકર્તાઓ સહિત ૫૦ જેટલા વ્યક્તિઓએ અનોખી રીતે કાળા વાવટા સાથે ભાજપ દ્વારા ગરીબ કલ્યાણ મેળાના નામે કરવામાં આવતા ખોટા ખર્ચા બંધ કરવાના સૂત્રોચ્ચાર સાથે ગરીબ કલ્યાણ મેળાનો ઉગ્ર વિરોધ કર્યો હતો. તે અરસામાં ટ્રેક્ટરમાં આવી કાર્યક્રમના સ્થળે જઈ રહ્યા હતા તે અરસામાં તમામ કાર્યકર્તાઓની પોલીસે અટકાયત કરી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા અને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ છોડી મુકવામાં આવ્યા હતા.

# કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ વાત્રકમાં બીજી ઓક્ટોબરે નિઃશુલ્ક વિકલાંગ સાધનોનું વિતરણ યોજાશે

બાયડ, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના શ્રી કે.કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ વાત્રક ખાતે ૨જી ઓક્ટોમ્બર રવિવારના રોજ શ્રી ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ અમદાવાદ અને શ્રી સોમનાથ ટ્રસ્ટ પ્રભાસ પાટણના સંયુક્ત ઉપક્રમે વ્હીલચેર, ટ્રાયસીકલ અને બગલગોડીનું નિઃશુલ્ક વિતરણ યોજાશે. વિકલાંગ સાધન નિઃશુલ્ક વિતરણ કાર્યક્રમમાં વિકલાંગો અને તેમની સાથે આવનાર વ્યક્તિઓ માટે કેમ્પના નિયુક્ત સેવાભાવી વ્યક્તીઓના સંપર્ક કરવા અપીલ કરી હતી. બાયડ તાલુકાના વાત્રકના શ્રી કે.કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ વાત્રક મુકામે ૨જી ઓક્ટોબર રવિવારના રોજ અરવલ્લી, સાબરકાંઠા, મહિસાગર, ખેડા જિલ્લાના વિકલાંગ ભાઈ-બહેનોને સ્વાવલંબી બનાવી માનવજીવનની ગરિમા બક્ષવા માટે વ્હીલચેર, ટ્રાઈસીકલ અને બગલઘોડીનું નિઃશુલ્ક વિતરણ કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ મેળવતા વિકલાંગ વ્યક્તિઓએ વિકલાંગતા જોઈ શકાય તેવો ૧ ફોટો કોપી અને વિકલાંગતાનું પ્રમાણપત્ર ફરજીયાત લઈને આપવા જણાવ્યુ છે. કેમ્પ વિતરણ સમિતિએ વિકલાંગ વ્યક્તિઓ તદઉપરાંત જયપુર ળૂટ અને કેલીપરના લાભાર્થીઓને પેરાલીજિયા હોસ્પિટલ સિવિલ હોસ્પિટલ કેમ્પસ અમદાવાદમાંથી નિઃશુલ્ક વ્યવસ્થા પણ કરી આપવામાં આવશે. નિઃશુલ્ક વિતરણ કેમ્પના વિકલાંગ લાભાર્થીઓ અને તેમની સાથે આવનાર વ્યક્તિઓ માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

સાબરકાંઠા માટે પંકજભાઈ પટેલ (હિંમતનગર) - ૯૮૨૫૧ ૮૭૯૮૮ અને રજનીભાઈ શાહ (હિંમતનગર)-૯૪૨૬૪૧૩૨૩૨

અરવલ્લી - કનુભાઈ શાહ (વાત્રક) - ૯૪૨૬૩૪૨૫૮૩, નિલેષભાઈ જોષી (મોડાસા) - ૯૪૨૬૦૬૦૮૫૨

મહિસાગર - રજનીભાઈ શાહ - (બાલાસીનોર) - ૯૩૭૫૮ ૫૦૩૩૯, ૦૨૬૯૦૨૬૫૩૯૦

ખેડા - વાડીલાલ એસ. ગાંધી ચે. ટ્રસ્ટ (કપડવંજ) - ૦૨૬૯૧૨૬૩૨૯૬



### બનાસકાંઠા નું ગૌરવ !

## મહેન્દ્ર એસ. બારોટનું પીએસઆઈમાંથી પ્રમોશન થતા હવે પીઆઈની પોસ્ટ પર

પાલનપુર, તા. ૩૦

પાલનપુર તાલુકાના મલાણા ગામના મહેન્દ્ર ભાઈ એસ બારોટ છેલ્લા કેટલાય સમયથી ગુજરાત પોલીસમાં ફરજ બજાવે છે તેમજ થોડાક સમય પહેલા વડોદરામાં પી.એસ.આઈ ની પોસ્ટ પર કાર્યરદ હતા જેમનું બે દિવસ પહેલા પ્રમોશન થતા હવે પી.આઈ ની પોસ્ટ સંભાળેલ છે તેમજ બનાસકાંઠા જિલ્લાનું નામ રોશન કરેલ છે અને આ ખુશીના સમાચાર બનાસકાંઠા જિલ્લામાં વાયુવેગે પ્રસરતા લોકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.



## શામળાજી નજીક ટ્રકમાંથી ૫૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

અરવલ્લી જિલ્લા એલસીબી પીઆઈને મળેલી બાતમી અનુસાર જિલ્લા એલસીબીની ટીમ અને શામળાજી પોલીસ સ્ટાફ સાથે અમદાવાદ ઉદેપુર નેશનલ હાઈવે- નં. ૮ પર આવેલા શામળાજી નજીક નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતા ટ્રક (ગાડી નં. એમએચ.૦૪.ઈએલ.૮૩૭૪)ને અટકાવી તલાશી લેતા ટ્રકની અંદર તાડપત્રીની નીચે સંતાડેલી ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂની પેટી નંગ ૧૦૮૨ની અંદર રહેલ બોટલો ૩૮૧૧૨ કિંમત રૂ. ૫૬૫૪૪૦૦ તેમજ ટ્રકની કિંમત રૂ. ૨૦૦૦૦૦૦ મળી કુલ ૭૬૫૬૯૦૦ મુદ્દામાલ ઝડપી પાડી ટ્રકચાલક સહિત અન્ય એક શખ્સની ધરપકડ કરી પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા. શામળાજી પોલિસે વિદેશી દારૂનો જથ્થો કોને પહોંચાડવાનો હતો તે દિશામાં ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

# મોડાસામાં વ્યાજમુક્ત સોસાયટીની સ્થાપના

સાકરીયા, તા. ૩૦

મોડાસાના સાકરીયા ખાતે વ્યાજમુક્ત લેવડદેવડ માટે સોસાયટીની સ્થાપના કરવામાં આવી છે. જેના પ્રમુખપદે અબુબકર શેઠની વરણી કરવામાં આવી છે.

ઈસ્લામિક કોન્સેપ્ટ મુજબ વ્યાજરહિત લેવડદેવડની વ્યવસ્થા ઉભી કરવાના વિચાર મોડાસાના સમાજ સેવકોને આવ્યો અને ગરીબ તેમજ આર્થિક રીતે પછાત એવા જરૂરતમંદ લોકોને વ્યાજ રહિત ધિરાણ આપી પગભર કરવાનો સંકલ્પ અબુબકરભાઈ શેઠ, મંજુરહુસેન દાદુ અને મુસ્તફાભાઈ કાંકરોલીયા સહીતના શુભચિંતકોએ કર્યો હતો અને સંકલ્પ સ્વરૂપે શરૂ કરાઈ. સહૂલત ઈન્ટરેસ્ટ ળી કો.ઓ. સોસાયટી મોડાસાના ઈકરા રેફરન્સ લાયબ્રેરી ખાતે સભા યોજી ૧૦૦ સભાસદોના શેરભંડોળ અને વ્યાજ વગરની ડીપોઝીટ મેળવી ૨૧૧૬ લાખના ભંડોળથી શરૂ કરાયેલ સોસાયટીના પ્રમુખપદે અબુબકર શેઠની વરણી કરાઈ અને ઈસ્લામિક કોન્સેપ્ટ મુજબ સૌ પ્રથમવાર નેક આશયથી સ્થપાયેલ સંસ્થાના શુભારંભ કરાયો છે.

મુસીફાભાઈ કાંકરોલીયાના જણાવ્યા અનુસાર આર્થિક રીતે નબળા લોકો વ્યાજના ડુંગરરૂપી રાક્ષસથી છુટકારો મેળવી સામાજીક તેમજ રોજગારલક્ષી કામો કરી પગભર થઈ શકે તેવા શુભ આશયથી શરૂ કરાયેલી આ સોસાયટી દ્વારા વ્યાજ વગર ડીપોઝીટો મેળવી વ્યાજવગર ધિરાતા કરાશે. આમ વ્યાજમુક્ત નાણાંકીય લેવડદેવડ યોજનાને સારો એવો આવકાર મળી રહ્યો છે.

# મહેસાણા જિલ્લામાં આજથી નવરાત્રી મહોત્સવ ઉજવાશે

## આધુનિકતા સાથે પરંપરાનું દર્શન એટલે નવરાત્રી

મહેસાણા, તા. ૩૦

નવરાત્રી એટલે નવરાત્રીના સમુહ આ દિવસો અને રાત્રીઓમાં દેવશક્તિ, નવદૂર્ગાની પૂજા-અર્ચના, ભક્તિ થાય છે. જેથી ગુજરાતમાં આસો સુદ-૧ થી ૯ સુધીના શક્તિ ઉપાસનાના પર્વ નવરાત્રીનું મહાત્મ્ય વિશેષ હોઈ નવે નવ દિવસ આ તહેવાર ઉત્સાહ ઉમંગ અને ભક્તિભાવપૂર્વક હોંશે હોંશે દેશભરમાં ઉજવાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાળમાં નવરાત્રીનું ખાસ મહત્વ છે. પરંતુ વિદેશમાં વસતા ગુજરાતીઓ પણ નવરાત્રી પર્વની ઉજવણી કરે છે. આદ્યશક્તિ મા અંબા, બહુચર, ચામુંડા, દુર્ગા, કાળી, ખોડીયાર, ભદ્રકાળી, બ્રહ્માણી, આશાપુરી, અન્નપુર્ણા, બૂટભવાની, માતંગી, ભુવનેશ્વરી, માતભવાની, ભવાની, મેલડી, ઉમિયા, હરિસિદ્ધિ, સંતોષી, અનસુયા, સરસ્વતી, લક્ષ્મી, ગંગા, ગાયત્રી, વાઘેશ્વરી, નર્મદા, કનકેશ્વરી, જોગેશ્વરી, હિંગળાજ, ચેહર, અર્બુદા વગેરે અનેક દેવીઓની સ્તુતિ, પ્રાર્થના, આરાધના કરવામાં આવે છે. નવરાત્રીના પ્રારંભ પહેલા ઠેર ઠેર નાની મટુકી કે ઘડા, ઘડુલીઓ વેચાય છે. આમા નાના છિદ્રો હોય છે. કેટલીક માટલીઓ રંગબેરંગી બનાવેલી હોય છે. તેમાં પણ છિદ્રો કરેલા હોય છે. કુંભારયા પ્રજાપતિના ઘરેથી કે બજારોમાંથી લાવેલ આ માટીની વસ્તુની કિંમત રૂપિયામાં હોય છે. પરંતુ તેમાં શ્રદ્ધાપ્રેમ અને ભક્તિનો ભાવ આવતાં તે ગરબો કે ગરબી બની જાય છે. અને તે અલૌકિક સ્થાન ધરાવે છે. આમાં ધર્મનું આરોપણ થાય છે. તેમાં માતાજી મા શક્તિ બિરાજે છે. જે હાજરા હજૂર છે તેવો ભાવ ભાવિકોના મનમાં પ્રગટ થાય છે. આ ગરબામાં દિવડો મુકવામાં આવે છે. અને એક જગ્યાએ મુકી નવ દિવસ સુધી તેની ઉપાસના કરાય છે. સવારે અને સાંજે માતાજીની આરતી ઉતારવામાં આવે છે. માતાજીના મંદિરોને રોશનીથી શણગારાય છે. મા ની મૂર્તિને રોજ નવા વસ્ત્રો, આભૂષણો પહેરાવાય છે. તેમજ સવારી પણ બદલાય છે. પોળો, મહોલ્લા, શેરીઓમાં ગરબાના પ્રતિકરૂપે માંડવી કાઢવામાં આવે છે. મંદિરોમાં રોજ ફૂલો, અગરબત્તી, ધૂપ અંતર, દિપમાળા વગેરેથી પવિત્રતા વધારાય છે.

# મોડાસામાં દિવ્યાંગ યુવકને જાયન્ટસ ગ્રુપ દ્વારા સ્નાન કરાવી નવાં કપડાં પહેરાવાયાં



અરવલ્લી જિલ્લામાં સતત સેવાકીય પ્રવૃત્તિઓમાં જિલ્લામાં અગ્રેસર રહેતી જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસા દ્વારા શુક્રવારે અનોખી માનવ સેવાના દર્શન કરાવ્યા હતા. જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા વિસ્તાર અને માલપુર રોડ પર છેલ્લા કેટલાક સમયથી એક પર પ્રાંતિય વિકલાંગ યુવક રસ્તા ઉપર રઝળી ભીખ માંગતો રહેતો હોવાથી અને નાહ્યા-ધોયા વગરની હાલતમાં ફરતા જાયન્ટસ ગ્રુપના સદસ્ય અને જીવદયા પ્રેમી નિલેષભાઈ જોષી, જાયન્ટસ પ્રમુખ અનિષ કાવઠીયા અને કાફેડી સાઉથના રેજીમોન થાઈલને નજરે પડતા વિકલાંગ યુવકને નવડાવી નવા કપડા પહેરાવી તેમજ તેને જમાડી તેને રહેવાની અને ખાવા પિવાની સંપૂર્ણ વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. તદ્ઉપરાંત વિકલાંગ યુવકને તબીબ પાસે સારવાર કરાવી થ્રી વ્હીલ સાયકલ પુરી પાડવામાં આવી હતી.

# ધાનેરા પોલીસે દેશી બનાવટવાળી પિસ્તોલ સાથે એક આરોપી ઝડપાયો

ધાનેરા પોલીસે ગુજરાત રાજેસ્થા સરહદ પાર થી દેશી બનાવટ વળી પિસ્તોલ સાથે એક ની અટકાયત કરી તાપસ હાથ ધરી છે તો અન્ય એક ઈસમ નાશી જવામાં સફળ રહ્યો હતો.

સમગ્ર દેશ ને એલર્ટ જાહેર કહેવામાં આવ્યો છે ત્યારે ધાનેરા પોલીસ મથક ના પીએસઆઈ એસ એન પહેલ તેમના સ્ટાફ સાથે ગુજરાત રાજેસ્થાન સરહદ પાર નેનવા ચેક પોસ્ટ પાર વાહન ચેકીંગ માં હતા તે સમય દરમ્યાન રાજેસ્થાન તરફ થી આવી રહેલી સ્કોડા ગાડી ની તલાસી લેતા ગાડી ના ચાલાક ચોથારામ ધનારામ વિશ્નોઈ રહે રાજેસ્થાન વાળા પાસેથી દેશી બનાવટ વળી પિસ્તોલ મળી આવી હતી જે બાબતે ધાનેરા પોલીસે પિસ્તોલ ગાડી તેમજ આરોપી ને ઝડપી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.

ધાનેરા પોલીસે ગાડી અને પિસ્તોલ બંને ની કિંમત રૂપિયા ૪ લાખ ૧૦ હાજર નો મુદ્દામાલ પર કબજો મેળવી ફરાર રત્નારામ ને પકડવાના ચક્રો ગતિમાન કાર્ય છે.

# ખેડબ્રહ્મા ગરીબ કલ્યાણ મેળામાં ૧૩૨ લાખની સહાયનું વિતરણ



ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મામાં શુક્રવારે ખેડૂત તાલીમ કેન્દ્રમાં પ્રાંતકક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ મેળામાં પાસના કાર્યકરો અને કોંગ્રેસના કાર્યકરો ડોકાયા જ ન હતા જેથી મેળો શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.

ખેડબ્રહ્માના ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે ખેડબ્રહ્મા વિજયનગર, પોશીના તાલુકાના પ્રાંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં વાહન વ્યવહાર મંત્રી વલ્લભ કાકડીયાની ઉપસ્થિતિમાં ૧૯૩૭ લાભાર્થીઓને ૧૩૨.૦૪ લાખની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કલેક્ટર પી. સ્વરૂપે સૌનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મંત્રી કાકડીયાએ જણાવ્યું હતું કે સંસ્કૃતિની જાળવણી કરવામાં સમગ્ર રાજ્યમાં સાબરકાંઠા જિલ્લો પ્રથમ ક્રમે છે. ભારતીય સૈને પાકીસ્તાનમાં ઘુસી ઉરીનો બદલો લીધાની વાત મંત્રીએ કરતાં સમગ્ર સભા મંડપ તાળીઓના ઘણઘણાટથી ગુંજી ઉઠ્યો હતો.

આ પ્રસંગે આદીજાતી કાર્યો.ના અધ્યક્ષ રમીલાબેન બારા, જિલ્લા ભાજપ મહામંત્રી અશોકભાઈ જોષી, કલેક્ટર પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી વ્યાસ, પ્રાંત અધિકારી વિશાલ સકસેના, મામલતદાર વી.જે. પટેલ સહીત ભાજપના કાર્યકરો તથા મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મેઘરજના લીંબોદરા ગામની મહિલા પર ચપ્પાની અણીએ બળાત્કાર ગુજારાયો

મેઘરજ, તા. ૩૦

મેઘરજ તાલુકાના લીંબોદરા ગામની ૨૯ વર્ષીય મહિલા પર ગામના જ યુવાને બળાત્કાર ગુજારતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

મેઘરજના લીંબોદરા ગામની મહિલાને ગામના જ એક ઈસમે ચપ્પ બતાવી મોટર સાઈકલ પર અપહરણ કરી કૃષ્ણાપુર ગામે પાણીની ટાંકીની બાજુમાં આવેલ અવાવરૂ વાંઘામાં તેમજ અમદાવાદ, સુરત અલગ અલગ જગ્યાએ લઈ જઈ મહિલાને ગોંધી રાખી ધાક ધમકી આપી ચપ્પાની અણીએ બળાત્કાર ગુજાર્યો હતો. જેથી મહિલાએ બળાત્કાર ગુજારનાર ઈસમ સામે મેઘરજ પોલીસ સ્ટેશને બળાત્કારની ફરિયાદ નોંધાવતા મેઘરજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી.કે. બારોટે બળાત્કારનો આરોપી ભરત માનસીંગ મારીવાડ ઉં.વ. ૨૮ રહે. લીંબોદરા સામે અપહરણ તેમજ બળાત્કારનો ગુન્હો નોંધી બળાત્કારના આરોપીને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# સોનાસણની મહિલા એસીડ ગટગટાવી જતાં સારવાર અર્થે ખસેડાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણની મહિલા પોતાના ઘરે એસીડ ગટગટાવી જતાં પહેલાં પ્રાંતિજ સિવિલ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખસેડવામાં આવી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના સોનાસણ ખાતે રહેતા રીનાબેન શંકરભાઈ મિશ્રા ઉ.વ. ૨૨ કે સવારે ૧૦ કલાકે પોતાના ઘરે કોઈ કારણોસર ઘરમાં રહેલ એસીડ પી લેતા રીનાબેનને પહેલા પ્રાંતિજ સિવિલ ખાતે લાવવામાં આવ્યા હતા અને ત્યાંથી વધુ સારવાર અર્થે હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પ્રાંતિજ સિવિલના હાજર તબીબી ડૉ. જી.કે. જોગીયા દ્વારા જાણ કરતાં પ્રાતંજ પોલીસે ફરીયાદ લખી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અરવલ્લી-સાબરકાંઠામાં ગરબાની રમઝટ જામશે

## ખેલૈયાઓની આતુરતાનો અંત : શનિવારથી નવરાત્રીનો શુભારંભ આરાધના સાથે પૂજા અર્ચના

જગત જનની મા આદ્યશક્તિના આરાધના પર્વે એટલે નવરાત્રી જેમાં આસો નવરાત્રીમાં માતાજીને રીઝવવા માટે ભક્તો નવ દિવસ માતાજીને રીઝવવા માટે માતાજીની મૂર્તિની સ્થાપના કરી પૂજા-અર્ચના પ્રાર્થના કરે છે.

આ પર્વમાં ભક્તો માતાજીના ગરબા ગાઈ માતાજીને રિઝવવાનો પ્રયાસ કરે છે. જેને લઈ ગરબા આયોજકો મોટા ગ્રાઉન્ડમાં ગરબાનું આયોજન કરે છે. મહાશક્તિ મા અંબાની અનુષ્ઠાનો ઘરે ઘરે શેરીએ, શેરીએ અનો જાહેર સ્થળોએ માતાજીના ગરબો ગાતા અને રમતા નવલા નોરતા ભક્તીભાવથી ઉજવાશે. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના ખેલૈયાઓ પણ નવરાત્રીના આતુરતાથી રાહ જોતા હોય છે. ત્યારે આવતીકાલથી નવલા નોરતા ચાલુ થતા યુવાનો અને યુવતિઓ અને અબાલ વૃદ્ધ સૌ કોઈ મા ના ગરબા રમવા અધીરા થયા છે. મોડાસા, હિંમતનગર, પ્રાંતિજ, બાયડ, માલપુર, મેઘરજ, ખેડબ્રહ્મા, ધનસુરા, ભિલોડા સહિત બન્ને જિલ્લામાં નવરાત્રીના મહોત્સવ માટે વિવિધ યુવક મંડળો દ્વારા તડામાર તૈયારીઓ આટોપી લેવાઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ગામના ચોકમાં ખુબ શાંતિમય માહોલમાં અને વચ્ચે ગરબી અને તેમાં દીવડો પ્રગટાવી ગવાતા ગરબા હજુ પણ જીવંત છે. બન્ને જિલ્લાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ પાર્ટી પ્લોટોમાં યુવાધન સંગીત પાર્ટીઓ અને જી.જે.ના તાલે ગરબા ગાવા અધિરા બન્યા છે. મોડાસા શહેરના કલ્યાણ સોસાયટી દ્વારા હનુમાન ચોકમાં અરવલ્લી યુવક મંડળ દ્વારા રામપાર્ક સોસાયટીના ગ્રાઉન્ડમાં, ઉમીયા માતા યુવક મંડળ દ્વારા તેમના સમાજના મેદાનમાં, અર્બુદા યુવક મંડળ દ્વારા કુમકુમ પાર્ટી પ્લોટમાં સગરવાડા, ગાંધીવાડા, સોનીવાડા, બુટાલવાડા, કુંભારવાડા વિસ્તારોમાં નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરી ખેલૈયાઓનુ આકર્ષવા માટે વિવિધ ઈનામોની લ્હાણી કરવામાં આવશે. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લો અને મોડાસા શહેરમાં નવરાત્રી પર્વેથી લાઈટની ઝાકમઝોળથી જગમગી ઉઠશે તેમજ રાત્રીનો નજારો અદ્ભૂત બની રહેશે. નવરાત્રીના પર્વના લીધે ઠેર ઠેર ચા નાસ્તા અને ફાસ્ટફૂડના સ્ટોલ ધમધમી ઉઠશે.

